# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૧૨ ● સળંગ અંક : ૬૪ ● તા. ૩૧ ઓગસ્ટ થી ૦૬ સપ્ટેમ્બર ૨૦૧૯



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## રાપર ગઢવારી સ્થિત અબડાસા કચ્છ ગૌશાળા ટ્રસ્ટને ગુજરાત સરકાર દ્વારા પ્રશસ્તિ પત્ર મળ્યો



ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે
કચ્છ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરના ઉપસ્થિતિમાં
રાપર ગઢવારી ગૌશાળાના ટ્રસ્ટી પ્રશસ્તિ પત્ર સ્વીકારી રહેલા કલ્પેશભાઈ માણેકજી મોતા

જિંદગીમાં બે વસ્તુ છૂટવા માટે જ બની છે
શ્વાસ અને સાથ,
શ્વાસ છૂટે તો માણસ એક જ વાર મરે છે
અને સાથ છૂટેતો માણસ દરરોજ મરે છે

– અજ્ઞાત




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# માનવ કલ્યાણનો મારગ અપનાવીએ

આજે યંત્ર અને વિજ્ઞાનના બાહુલ્યથી સમાજ પ્રગતિ પણ કરી છે અને અધ્ધોગતિ પણ વહોરી છે. ઈર્ષા, વેર, અસૂયા, અલગતાવાદ અને આતંકવાદનો ભોરીંગ જીવતા જીવોને ભરડામાં લપેટી લીધો છે. જાત-ધર્મના વાડાભેદ, બીજાથી ચડિયાતા પણાની સ્પર્ધા એવી લાગી છે. જાણે ક્યારે અટકશે નહીં, વિરામ લેશે જ નહીં. આને આપણે શું પ્રગતિ કરી શું? વિકાસ કહીશું કે ગતિ કહીશું? આ વિકરાળ દૂષણો હેઠળ માનવ જાત કચડાઈ રહી છે. પીલાઈ રહી છે. સાચાને કોઈ સમજતું નથી. કે નથી કોઈ તેને ગણનામાં લેતું તે લઘુમતિમાં રહી ગયો છે. અસૂર અને અત્યાચારી આત્મા આઝાદ બનીને નિર્ભયતાથી ફરી રહ્યાં છે. સત્ય, શાંતિ અને ક્ષમાનો બોધ કોઈને અસર કરી રહ્યો નથી. દિવસો દિવસ પાપનાં ઘડાં ભરાતા જાય છે. શીલ અને ક્ષમા, ધર્મ અને શાંતિ સદ્‌ભાવ અને સમર્પણ, એક કોરે બે સહારા બનીને પાંખડીઓની લીલા જોતા ઊભા રહીં ગયા છે.

આ કપરા ભવમાં પ્રભુ મહાવીર સ્વામીનો સંદેશ ખરો રાહબર બની પથદર્શન કરાવી શકે છે. અવિચારી, અધમ, અનિષ્ટ તત્વોનું શમન કરી શકે છે. નિંદા અદેખાઈ, રાગદ્રેષ, ઈર્ષા, તિરસ્કાર, ધિક્કાર જેવા કાયમી કષાય ભાવોથી તિલાંજલિ અપાવી શકે છે.

સંન્યત સ્વીકારી સંયમ ગ્રહણ કરી સાધુ જીવનને સ્વીકારવાથી જ શુદ્ધતા મળે છે એવું નથી. નિર્મળ હૃદયથી સમતા સ્નેહ અને શુદ્ધ ભાવ કેળવવાથી અને પ્રત્યેક આત્મા પ્રત્યે કલ્યાણ ભાવની કામના કરવાથી પણ માંગલ્ય, ભાવ સર્જાય છે. મૈત્રી વિસ્તરે છે અને મૃદુતા સર્જાય છે.

જિનશાસનની ભવ્ય મહોલાત અહિંસા, તપ, ત્યાગ અને સંયમના ભવ્ય ભાવથી શાશ્વત ટકેલી છે. નાના,મોટા, સુક્ષ્મ કે મહાજીવો, નરી આંખે ન દેખાતા જીવજંતુઓ ની પ્રત્યે મૃદુતા કેળવી, દયા ભાવ, પ્રેમ અને આત્માકલ્યાણની ભાવના રાખીએ એ જ ધર્મનો સંદેશ છે. એજ જિન શાસનનો બોધ છે. શીખ છે. કઠોરતા ને ત્યાગી કોમળ બનીએ ભારથી ભારી નહીં પણ ભાવથી ભર્યા ભાદર્યા થઈએ હવા જેવા હળવાફૂલ થઈએ. શાંત છતાં શક્તિ અંતરમાં રાખીએ પણ તેનું પ્રદર્શન બહાર ન કરીએ. કોઈ જીવને પીડિત કરીને ન બતાવીએ. સુગંધ અદ્રશ્ય છે. પણ તેને મહસૂસ કરી શકીએ છીએ. તેનો કદ. આકાર કે વજન નથી છતાં ધરાવતી હવા મોટા ભારેખમ જહાજોને સમુદ્રમાં વહેતા રાખે છે. ગતિમાન રાખે છે. શક્તિ સર્વત્ર ફેલાઈ પોતાનો અસ્તિત્વની જાણ સૌને કરી દે છે. તેને મુઠીમાં બાંધી નથી શકતા. આ તાકત, આ બળ સ્વભાવનો છે. સહજ ભાવનો ને સમર્પણ ભાવનો છે.

માનવ જન્મ મળ્યો છે તો સૌ પહેલાં માનવીય ગુણોને પ્રાપ્ત કરી માનવતાને ઉજાગર કરીએ. માનવ માંથી મુનિત્વ પ્રાપ્ત કરીએ. સદ્‌ભાવ, સદ્‌કલ્યાણ અને સમભાવના ગુણો કેળવીને કષ્ટ કે તકલીફ ભોગવતા જીવનો ઉદ્ધાર કરીએ. અજ્ઞાનતામાં સપડાયેલ જીવનું કલ્યાણ કરીએ. કોઈને બચાવવા જતાં આપણને કષ્ટ પડે, તકલીફ પડે એ હસતાં હસતાં સ્વીકારી પરમાર્થ કાર્ય આપણા હસ્તે થયું એવો ભાવ કેળવીએ. હળવાં બનીને આપણે તરીએ સાથે અન્યોને પણ તારીએ એજ માનવ કલ્યાણનો ધર્મ સાર છે.

- જ્ઞાતિમૈયા

# રાપર ગઢવારી સ્થિત અબડાસા કચ્છ ગૌશાળા ટ્રસ્ટને ગુજરાત સરકાર દ્વારા પ્રશસ્તિ પત્ર મળ્યો

અબડાસાના રાપર ગઢવારી ગામની ગૌશાળામાં જીવદયાનું કાર્ય અદ્‌ભૂતતાથી થતું રહ્યું છે. વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના વર્ષ દરમ્યાન દુષ્કાળ પરિસ્થિતિમાં આ ગૌશાળામાં ૧૫૫૯થી વધારે અબોલ જીવોનાં જતન પૂર્વક નિભાવ કરાયો. તથા રાજ્ય સરકારશ્રીની સહાયથી અબડાસા લખપત નખત્રાણા ભુજમાં ૪૩ ઢોરવાડામાં કુલ ૨૫૬૦૦થી વધુ પશુઓની સાર સંભાળની કામગીરી ઉમદાપૂર્વક કરાઈ.






કપરા અછત કાળમાં સદર ગૌશાળાએ પશુ નિભાવ-સંભાળ કામગીરી તથા સમાજના અન્ય સેવાકીય કાર્યોમાં સારી સેવા કાર્ય કરવા તેની રાજ્ય સરકાર દ્વારા પ્રશંસા કરી કચ્છ જિલ્લા કલેક્ટર રેમ્યામોહન આઈ.એ.એસ. દ્વારા સહી કરાયેલું પ્રશસ્તિ પત્ર રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કચ્છ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરના ઉપસ્થિતિમાં યોજાયેલ સમારોહમાં રાપર ગઢવારી ગૌશાળાના ટ્રસ્ટી અને ક.દ.ઓ. જૈન મહાજન મુંબઈના પ્રમુખ કલ્પેશભાઈ માણેકજી મોતાને અપાયો.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાંડુપ સંઘમાં કલ્પસૂત્ર પોથીની શોભાયાત્રા





તા. ૨૯ ઓગસ્ટ ગુરૂવારના સવાર સમયે ભાંડુપ સંઘમાં શ્રી અદિનાથ ભગવાનના દરબારેથી લાભાર્થી પરિવારના ઘરે કલ્પસૂત્ર પોથી શોભાયાત્રા વાજતે ગાજતે પધરામણી કરી હતી. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓ ઉત્સાહભેર આયોજનમાં જોડાયા હતા. ઢોલ નગારાના તાલે ઉમંગથી રાસ રમતા તાલ ગાનના ઠેકા લગાવી હરખ અનુભવ કર્યો.

# મોટી સિંધોડી નગરમાં પોથી વરઘોડો વાજતે ગાજતે નીકળ્યો

કચ્છ અબડાસાના મોટી સિંધોડી તીર્થે કલ્પસૂત્ર પોથીનો વરઘોડો વાજતે ગાજતે નીકળ્યો. તીર્થમૂળ નાયક શ્રી નેમિનાથ ભગવાન તથા શ્રી સુમતિનાથજી ભગવાન અને શ્રી અનંતનાથ ભગવાનની પાવન ભક્તિમાં તરબોળ થઈ સંઘના શ્રાવક શ્રાવિકાઓ પોથી વરઘોડામાં જોડાયા હતા અને ભક્તિ ધર્મનો અનેરો લાભ પામી ધન્ય થયા હતા. આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈની આ રાધક બહેનો નિર્મળાબેન મહેન્દ્ર શેરડી ડોંબિવલી તથા હેમલતાબેન વસંત મારૂ હાલાપર-નાલાસોપારાની પ્રોત્સાહક ઉપસ્થિતિ રહી હતી.











# કચ્છી જૈન સંઘ યવતમાલમાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો





શ્રી યવતમાલ અચલગચ્છ કચ્છી જૈન સંઘના આંગણે શ્રી આર્ય રક્ષિત તત્વજ્ઞાન જૈન વિદ્યાપીઠ મુંબઈથી આવેલ આરાધકબહેનો રેખાબેન દિનેશ દેઢિયા, હમલા મંજલ, ડોંબિવલી તથા પ્રેમિલાબેન મગનલાલ દેઢિયા કોટડી મહાદેવ પુરી ડોંબિવલીની પ્રમુખ ઉપસ્થિતિમાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો વાજતે ગાજતે લાભાર્થી પરિવારના નિવાસ સ્થાને પધરામણી માટે લઈ જવામાં આવ્યો.








# સાંધાણનગર તીર્થમાં પોથી વરઘોડો વાજતે ગાજતે નીકળ્યો





કચ્છ જિલ્લાના અબડાસાની મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર સમા સાંધાણ મહાતીર્થમાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો વાજતે ગાજતે નીકળ્યો હતો. નયન રમ્ય અને મનોહરી દ્રશ્ય રંગ આ પોથી શોભાયાત્રામાં જોવા મળ્યા હતા. સંઘના સૌ ધર્મનિષ્ઠ ભાઈ બહેનો આ લાભનો લહાવો લઈ ધન્ય ધન્ય થયા હતા. આર્યરક્ષિત તત્વજ્ઞાન જૈન વિદ્યાપીઠની આરાધક બહેનો વસુમતીબેન પ્રેમજી શાહ રાયણ ઘાટકોપર અને જવેરબેન દામજી ગોસર દેવપુર ઘાટકોપરની માર્ગ દર્શક ઉપસ્થિતિ રહી હતી.











# કચ્છના તેરાતીર્થે પોથી શોભાયાત્રા ભવ્યતાથી નીકળી





કચ્છ અબડાસાના ઐતિહાસિક તેરા તીર્થે પ.પૂ.સાધ્વીજી જય ધર્માશ્રીજી મ.સા.ની નિશ્રામાં વાજતે ગાજતે ભવ્યતાથી કલ્પસૂત્ર પોથીની શોભા યાત્રા નિકળી હતી. સંઘના બહુ સંખ્ય શ્રાવક-શ્રાવિકાઓ આ ધર્મમય માહોલમાં સહભાગી થઈ ધન્યતા અનુભવી હતી.











# વર્ધમાનનગરે વિમલનાથ ભગવાનના અખંડ અભિષેક કરાયા







તા. ૨૫ ઓગસ્ટ રવિવાર દિને વર્ધમાન નગર ભુજોડી ભુજ કચ્છ મધ્યે પ.પૂ.સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સા.શ્રી જિન પ્રિયાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં વિમલનાથ ભગવાનના અખંડ અભિષેકનું આયોજન કરાયું. લાભાર્થી પરિવાર આ અનન્ય લાભ લઈ ધન્ય થયા હતા. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ધર્મ લાભ પામી કૃતાર્થ થયા હતા.









# સાંધાણ તીર્થમાં પોથી વાંચન કરાયું




અબડાસાના સાંધાણ તીર્થમાં ધર્મ ભક્તિ અને આસ્થા સાથે પોથી વાંચન કરાયું. સંઘના શ્રાવક શ્રાવિકો ભાવપૂર્વક આ કાર્યક્રમ આયોજનમાં જોડાયા હતા.







**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી કચ્છી દશા ઓસવાલ જખૌ મહાજન દ્વારા ગામવાસીઓ માટે ચૈત્ર પરિપાટીનું આયોજન

મહાજનશ્રી દ્વારા ગામના શ્રાવકો માટે એક ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચૈત્ય પરિપાટી બસ દ્વારા પન્હાલા, કુંભોજગિરી અને કોલ્હાપૂર, સાંગલી દર્શનાર્થે, જખૌવાસી અને નિયાણીઓ માટેજ. ગત વર્ષના સાપુતારા, વણી, નાશીક, દેવલાલીની જેમજ સુંદર આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૯ થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૯.

પ્રસ્થાનઃ તા. ૧૯-૯-૨૦૧૯, AC 2X2 બસ દ્વારા અતિથિ હોટેલ, મુલુંડ વેસ્ટ સ્ટેશન પાસેથી રાત્રે ૧૧ કલાકે ઉપડશે.

આ ચૈત્ય પરિપાટી માટે શુલ્ક પ્રતિ વ્યક્તિ રૂા. ૨૫૦૦/- વહેલો તે પહેલાનાં ધોરણે રાખવામાં આવેલ છે.

તો ચાલો, પર્યુષણ પછી, શ્રાવકનું એક જરૂરી કર્તવ્ય પૂરું કરવા જલ્દીથી જલ્દી તા. ૧૦.૦૯.૨૦૧૯ પહેલા મહાજનના નીચેના અધિકારીઓ પાસે આધાર કાર્ડ ની કોપી તેમજ મોબાઈલ નંબર અને યાત્રા શુલ્ક સાથે નામો નોંધાવોઃ Champsi hefa 9820659809, Ajay Shiyal - 9167220014, Yogesh Moonver - 9833975212.

આ ચૈત્ય પરિપાટી માટે બસ, નવકારશી, ભોજન માટે દાતા આવકાર્ય છે.

# રાયપુર નગરે પર્યુષણ મહાપર્વની ધર્મ આરાધનાનો આરંભ





છતીસગઢ પ્રદેશના રાયપુર નગર સંઘમાં પ.પૂ. સાધ્વી ભગવંત શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન કારી નિશ્રામાં પર્યુષણ મહાપર્વનો પ્રારંભ થયો. સંઘના શ્રાવક-શ્રાવિકાઓના અતિ ઉત્સાહ, ઉમંગ અને ધર્મતપ ભાવનાને લીધે ભક્તિનો અનોખો માહોલ આ પર્વમાં નિખરયો છે.

# દિવાળી વેકેશનમાં વસઈ સંઘમાં ગુણ ગુણોદય સર્વોદય જ્ઞાન સંસ્કાર યુવા શિબિરનું આયોજન

વસઈ સંઘના સર્વે શ્રાવક-શ્રાવિકાઓ આજે હરખથી ગાય છે. ''ગુરૂદેવ એવા મઝાના મળ્યાં છે. ખુશીના નામે ખજાનો મળ્યાં છે.'' પર્યુષણ પર્વની તપસ્યાઓથી તરબતર થયેલ વસઈ સંઘમાં ગુરૂ ગુણનંદન, સાધના સમ્રાટ પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. અને શીઘ્ર કવિ યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણ વલ્લભ સાગરજી મ.સા.ની ધન્ય ભરી નિશ્રામાં દિવાળી વેકેશનનો ગાળો મુંબઈના ૧૩ થી ૨૬ વર્ષના યુવાનો માટે ૮ દિવસીય ગુણ ગુણોદય સર્વોદય જ્ઞાન સંસ્કાર શિબિરનું આયોજન તા.૨૭ ઓક્ટોબરથી તા.૩ નવેમ્બર ૨૦૧૯ રવિવાર થી રવિવાર સુધી આયોજિત કરાઈ છે. સંઘ માતા માતુશ્રી લીલાવંતીબેન સતિષભાઈ ઉમરશી નાગડા પરિવાર નરેડી હાલ વસઈવાળાએ ઉદારતા પૂર્વક શિબિરના લાભાર્થી તરીકે લાભ લીધેલ છે. જ્ઞાન પૂજવાથી જ્ઞાન ચડે, અજ્ઞાન ટળે, કર્મ બળે, જીવ મોક્ષે ઠરે.

# નલિયા સંઘમાં સ્વપ્ન લેનાર લાભાર્થીઓ

**સ્વપ્ન પધરાવવાના લાભાર્થી**

સ્વપ્ન ગજવર-ચીમનલાલ હીરજી ખોના-માટુંગા (મણ-૧૧૧૧), સ્વપ્ન વૃષભ - લક્ષ્મીબાઈ ભવાનજી લોડાયા-મુલુંડ (મણ-૧૧૦૧), સ્વપ્ન સિંહ - ચીમનલાલ હીરજી ખોના-માટુંગા (મણ-૧૨૦૧), સ્વપ્ન લક્ષ્મીદેવી - નરેન્દ્ર જીવરાજ મોમાયા-નલિયા (મણ-૪૨૪૨), સ્વપ્ન ફૂલની માળા - ધનલક્ષ્મી ચંદ્રકાંત હંસરાજ લોડાયા-વાપી (મણ-૧૫૦૧), સ્વપ્ન ચંદ્રમા - ચીમનલાલ હીરજી ખોના-માટુંગા (મણ-૧૫૦૧), સ્વપ્ન સુરજદેવ-પદમશી ઘેલાભાઈ મોતા-નલિયા (મણ-૨૦૦૧), સ્વપ્ન ધર્મ ધ્વજા - નરેન્દ્ર જીવરાજ મોમાયા-નલિયા (મણ-૨૩૨૩), સ્વપ્ન રૂપાનો કળશ - લક્ષ્મીબાઈ ભવાનજી લોડાયા-મુલુંડ (મણ-૨૧૨૧), સ્વપ્ન પદમ સરોવર- લક્ષ્મીબાઈ ભવાનજી લોડાયા-મુલુંડ (મણ-૨૬૦૧), સ્વપ્ન રત્નાકર વહાણ - ચીમનલાલ હીરજી ખોના-માટુંગા (મણ-૩૬૩૬), સ્વપ્ન દેવ વિમાન - ભચીબાઈ ગોવિંદજી નાગડા-પનવેલ (મણ-૨૫૦૧), સ્વપ્ન રત્નની રાશી - ઝવેરબેન ઝવેરચંદ લોડાયા-અંધેરી (મણ-૩૦૦૧), સ્વપ્ન અગ્નિ શીખા - નિર્મલા કેટરર્સ, હ.હેમંત મોતા - લોનાવલા (મણ-૨૫૦૧), **કુલ મણ - ૩૧૩૪૨.**

**સ્વપ્ન ઝુલાવવાના લાભાર્થી**

મોક્ષની બારી ખોલવાના - મધુરીબેન રજનીકાંત ખોના-નલીયા (મણ-૧૬૦૧), સ્વપ્ન ગજવર-ભાવનાબેન મુકેશ મોતા-નલિયા (મણ-૪૦૧), સ્વપ્ન વૃષભ - સોમચંદ વેલજી મોતા-નલિયા (મણ-૧૩૦૧), સ્વપ્ન સિંહ - નરેન્દ્ર જીવરાજ મોમાયા-નલિયા (મણ-૧૦૦૧), સ્વપ્ન લક્ષ્મીદેવી - બાયાંબાઈ ધનજી નાગડા-મુલુંડ (મણ-૩૨૩૨), સ્વપ્ન ફૂલની માળા - સોમચંદ વેલજી મોતા-નલિયા (મણ-૧૪૦૧), સ્વપ્ન ચંદ્રમા - ચંદનબેન મહેન્દ્ર નાગડા-મુલુંડ (મણ-૧૧૦૧), સ્વપ્ન સુરજદેવ-મધુરીબેન મેઘજી છેડા (મણ-૨૧૨૧), સ્વપ્ન ધર્મ ધ્વજા - નરેન્દ્ર જીવરાજ મોમાયા-નલિયા (મણ-૨૧૨૧), સ્વપ્ન રૂપાનો કળશ - જયાબેન ગોવિંદજી મૈશેરી-જખૌ (મણ-૨૦૦૧), સ્વપ્ન પદમ સરોવર- મધુરીબેન રજનીકાંત ખોના-નલિયા (મણ-૧૭૦૧), સ્વપ્ન રત્નાકર વહાણ - ધનજી લાલજી ખોના-મુલુંડ (મણ-૩૩૩૩), સ્વપ્ન દેવ વિમાન - ગુણવંતીબેન પ્રતાપસિંહ પદમશી છેડા-તેરા (મણ-૧૪૦૧), સ્વપ્ન રત્નની રાશી - ઝવેરબેન ઝવેરચંદ લોડાયા-અંધેરી (મણ-૨૨૨૨), સ્વપ્ન અગ્નિ શીખા - માતુશ્રી મધુરીબાઈ મેઘજી છેડા -મુંબઈ (મણ-૨૩૨૩), વિર પ્રભુનું પારણું ઘેર પધરાવવાના ઉપગરણા-મણીબાઈ ખેતશી વિરજી મહેતા પરિવાર (મણ-૧૪૦૧), **કુલ મણ - ૨૮૬૬૨.**

---

# ગુજરાતના તમામ નગરોમાં પર્યુષણ પર્વ અનુલક્ષી કતલખાના બંધ રાખવાનો રાજ્ય સરકાર દ્વારા આદેશ અપાયો

ગુજરાત રાજ્યના શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગના સેક્શન અધિકારી દ્વારા તા. ૨૩ ઓગસ્ટ શુક્રવારના પત્ર ક્રમાંક પરચ/ ૮૦૨૦૧૪/સીએમ-૩૩૩/પી(પા.ફા.) થી રાજ્યના મોટાનગરોના મ્યુનિસિપલ કમિશનરો અને તમામ નગરપાલિકાના ચીફ ઓફિસરોને અધિસૂચના અપાઈ છે કે પવિત્ર તહેવાર પર્યુષણ પર્વ નિમિત્તે તા. ૨૬ ઓગસ્ટ થી તા. ૨ સપ્ટેમ્બર દરમ્યાન મહાનગર-નગરોમાં વિસ્તારમાં આવેલ તમામ કતલખાના સદ્તર બંધ રાખવામાં આવે અને આ અધિ સૂચનાનો સખત પણે અમલ થાય તેની તકેદારી રાખે.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ટોરોન્ટોનગરમાં મહાવીર સ્વામીની ભવ્ય આંગી રચના



દેશ દેશાવરના સર્વે સંઘોની જેમ ટોરોન્ટો નગરના જૈન કલ્ચર સેન્ટરના સંઘમાં મહાવીર સ્વામિનાં ભવ્ય દરબારની આંગી રચના દર્શન મનોરમ્ય પણે ભવ્ય ભાવ જગાવી રહ્યાં છે.

# સાંયરા નગરે પોથી શોભાયાત્રામાં સંઘના સૌ જોડાયા





અબડાસા પંચતીર્થીના કેન્દ્ર કોઠારા પરિસરમા સાંયરા ગામે કલ્પસૂત્રપોથી યાત્રામાં સંઘના બહુસંખ્યામાં શ્રાવક-શ્રાવિકા જોડાયા હતા. પોથી પધરામણીના લાભાર્થી શાહ હીરાચંદ શામજી મોમાયા જલગાંવ રહ્યાં હતા.

# પારોલા તીર્થમાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો

પારોલા તીર્થમાં કલ્પસૂત્ર પોથીનો વરઘોડો ધામધૂમ પૂર્વક નીકળ્યો. સંઘના શ્રાવક-શ્રાવિકાઓ આ આયોજનમાં ભાવથી ભાગ લીધો. કલ્પસૂત્ર પોથી પધરાવવાનો લાભ રતનબાઈ ઝવેરચંદ લોડાયા. સાંધાણ-પારોલાવાળા એ લીધો હતો. આર્ય રક્ષિત તત્વજ્ઞાન જૈન વિદ્યાપીઠના આરાધકભાઈઓ લલિત ચુનીલાલ સાવલા, મોથાળા મુલુંડ તથા તેજશ હિતેશ પાસડ શેરડી મુલુંડની ધન્ય ભરી હાજરી હતી.



# આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા ચાતુર્માસ ન મળેલ સંઘોમાં તાલીમ બદ્ધ આરાધકોની વ્યવસ્થા અપાઈ

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગર સૂરિશ્વરજી મ.સા. દ્વારા પ્રેરિત અને સ્થાપિત શ્રી આર્યરક્ષિત જૈન ત્તવજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા જ્યાં જ્યાં પૂજ્યશ્રીઓનો યોગ નથી હોતો એવા ભારત ભરના શ્રી સંઘોમાં ૫૦ થી વધુ વર્ષોથી નિયમિત પર્યુષણ મહાપર્વ આરાધના વ્યવસ્થા વિદ્યાપીઠ તરફથી કરવામાં આવે છે. આવા ચાલુવર્ષે ૮૧ સંઘોમાં તાલીમ બદ્ધ ૧૬૩ આરાધનકાર ભાઈબહેનોને મોકલવામાં આવેલ છે. આવા આરાધના સ્થળ આરાધનકારશ્રીઓના નામ -ગામ અને હાલ રહેઠાણ નગરની વિસ્તુત યાદી બહાર પાડેલછે. આ કાર્ય ભાવનાની અનુમોદનો છે.

વિદ્યાપીઠ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ધર્મ પ્રસાર, પ્રચાર અને ધર્મઉતેજના જાગે એવા સુકાર્યો કરાય છે. જેમાં કચ્છમાં નાગલપુરમાં છાત્રો માટે વિદ્યાપીઠનું સંચાલન અભ્યાસ ક્રમ પ્રમાણે વાર્ષિક પરિક્ષાઓનું ૧૫૦ જેટલીનું સંકલન અને બોર્ડની જેમ વિદ્યાપીઠના પોતીકા અભ્યાસ ક્રમ પ્રમાણે વાર્ષિક પરિક્ષાઓનું આયોજન પ્રોત્સાહન માટે ઈનામનું વિતરણ સમાંજમાં ધાર્મિક શિક્ષણ તથા સંસ્કાર ઘડતર માટે તેમજ પાઠશાળાઓના વિકાસ માટે સૂત્ર કંઠસ્થ અભિમાન, નાના બાળકો માટે ચૈત્યવંદન-ગુરૂવંદન અભિયાન ગુણ ચોવિસી ચોઢાળીયા કંઠસ્થ અભિયાન ઓપન બુક પરીક્ષા જેમા વિવિધ આયોજનોના માધ્યમથી આધુનિક રીતે પાઠશાળા સંચાલન કરાય છે.જૈનદર્શન જૈન સિદ્ધાંતોને સરળતાથી સમજવા સંસ્કૃતિ અભ્યાસ, પ્રભુજીએ જે ભાષાદેશને આપેલ હતી. ને અર્ધ માગધી ભાષા કોર્સ. મંત્રગર્ભિત નવ સ્મરાદિના ભાષ્ય સ્વાધ્યાય ભારતભરના સંઘોમાં સ્વાધ્ય કેન્દ્રો, બાળકો તથા યુવાનો તેમજ બાળાઓ માટેની આઠદિવસીય ધાર્મિક સંસ્કાર ઘડતર શિબિરોનું આયોજન.

આર્ય રક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની વિશાળ પ્રવૃત્તિઓને લક્ષમાં રાખી સંઘના ભાવિકો પર્યુષણપર્વના દિવસોના માધ્યમથી પુણ્યાનું બંધી પુણ્ય ઉપાર્જનનો ભાગ જાગે ને રૂા. ૧ લાખથી લઈને રૂા. ૧ હજાર સુધીની સંસ્કાર પ્રસારણ સહાય નિધિ યોજનામાં અનુદાન આપી સંસ્થાની પ્રવૃતિઓના હામી બને વિશેષ માહિતી માટે રામજી શામજી ઘરોડ મોનં. ૯૩૨૩૧ ૯૧૦૫૦નો સંપર્ક કરવો.

# દિવ્યાંગ યુવક પ્રિયંક નાગડા ૧૦૦ કિ.મી. સાઈકલ રાઈડીંગ કરી સૌને માટે પ્રેરણારૂપ બન્યો





સાઈકલ કલબ દ્વારા તાજેતરમાં સાઈકલિંગની સ્પર્ધા યોજાઈ હતી જેમાં ગાંધીધામના દિવ્યાંગ યુવક પ્રિયંક હિંમતનું પ્રદર્શન કરી પ્રેરણા પુરી પાડી હતી. દસ વર્ષ પહેલાં ટ્રેઈલર સાથેના અકસ્માતને ખમી જનારા દિવ્યાંગ પ્રિયંક નાગડાએ હિમ્મતને પતવાર બનાવી પ્રગતી કરી રહ્યો છે. ગત સપ્તાહે પ્રિયંકે ભુજ, કોડાય, ભુજ ૧૦૦ કિ.મી. જેવા ૪-૫ મોટા મોટા ચઢાવ છે તેવા માર્ગો પર સાઈકલિંગ કરી સાહસ દેખાડીને દિવ્યાંગો માટે પ્રેરણા પુરી પાડી હતી. પ્રિયંકના બંને પગની એન્કલ મોવમેન્ટ ૫૫ % નથી અને બંને પગ પ્લાસ્ટિક સર્જરીથી બનાવેલા છે. બન્નેમાં નાના સાતેક ફ્રેક્ચર્સ છે. તેમ છતાં તેણે હિમ્મત રાખી લાંબી સાઈકલિંગ અટક્યા વગર કરી હતી. અગાઉ તેણે બેડમીન્ટનમાં પણ કાઠું કાઢ્યું હતું. ઓડ્ક્સ ઈન્ડીયા રેન્ડેનર્સ, ભુજ સાઈકલ કલબ દ્વારા આયોજીત આ સાઈકલિંગ પુરી કરી હતી. આ માટે બ્લેક પેન્થર કલબ દ્વારા તાલીમ પણ આપવામાં આવી હતી.

# યવતમાલ સંઘમાં કુંથુનાથ સ્વામી જિનાલયમાં ભવ્ય આંગીના શણગાર



અચલગચ્છ કચ્છી જૈન સંઘ યવતમાલમાં સકળ સંઘના શ્રાવક-શ્રાવિકોના ધન્યતા ભર્યા સહભાગથી પર્યુષણ મહાપર્વ નિમિત્તે ધર્મ, તપ, આરાધનાના ભવ્ય આયોજન થાય છે. સોમવાર તા. ૨૭ ઓગસ્ટના પર્યુષણ પર્વના પ્રથમ દિવસે કુંથુંનાથ સ્વામી જિનાલયની આંગીના દર્શનની ઝલક જાણે આંખો ટગર ટગર નજરથી નિહાળતી જ રહે એવી છે.

## સાંધાણ તીર્થમાં મૂળ નાયક શાંતિનાથ ભગવાનની મનોરમ્ય આંગી રચના



કચ્છના અબડાસા તાલુકાના હૃદય સમા સાંધાણ નગરમાં પર્યુષણ મહાપર્વના વિશેષ ધર્મતપ ભાવના વિવિધ આયોજન થતા રહેલ છે. પર્યુષણના પ્રથમ દિવસથી જ મૂળ નાયક શાંતિનાથ ભગવાનની મનારમ્ય અંગરચના કરી શણગાર કરવામાં આવે છે. અત્રે આ ધન્ય પર્વની હૃદયસ્પર્શી ક્ષણોનો ભાવ તસવીરમાં ભવ્યતાથી ઝળકે છે.

## માંડવીના અજીતનાથજી દેરાસરમાં ધન્યતાભરી આંગી સજાવટ

શ્રી અજીતનાથ જૈન દેરાસર માંડવીનગરમાં પર્યુષણ પર્વના નિમિત્તે સુશોભતી રીતે દર દિવસે ભક્તિના છલકતા ભાવથી રોજ રોજ ભવ્યતાથી આંગી શણગાર કરાય છે. આ ઝલક ઝાંખી પ્રથમ દિવસની આંગીની છે જેનું દર્શન મનમોહિત કરી જાય છે.



# સાંધાણ મહાતીર્થમાં ૧૪ સ્વપ્ન લેનાર લાભાર્થી પરિવારો

કચ્છ અબડાસાના સાંધાણ મહાતીર્થમાં પર્યુષણ મહાપર્વના ૧૪ સ્વપ્નના ચડાવા ઉમંગ અને ઉત્સાહ ભાવથી થયા.

- ગજરાજને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૫૦૧ મણમાં ડુંગરશી નરશી ધરમશીએ લાભ લીધેલ.
- વૃષભને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૫૧૧ મણમાં લક્ષ્મીબેન વેલજી ધરમશીએ લીધેલ.
- કેસરી સિંહને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૮૦૧ મણમાં લખમશી દેવશી ચૂરલાએ લાભ લીધેલ.
- મહાલક્ષ્મીને ઝૂલાવાનું અને પધરાવવાનું ૭૦૦૨ મણ ડુંગરશી નરશી ધરમશીએ લાભ લીધેલ.
- ફૂલની માળાને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૦૦૧ મણ લક્ષ્મીબેન લાલજી ધરમશીએ લાભ લીધેલ.
- ચંદ્રને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૫૦૧ મણ યશોષ જીવરાજ મણશીએ લાભ લીધેલ.
- સૂર્યને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૦૦૧ મણમાં સોનલબેન કુલીનકાંત નાગડાએ લાભ લીધો હતો.
- ધર્મની ધજાને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૬૦૧ મણમાં લાભ જયાબેન રતનશી ધરમશીએ લીધેલ.
- કળશને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૨૫૧ મણમાં વિક્રમ દેવજી પટેલએ લાભ લીધેલ.
- પદ્મ સરોવરને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૦૦૧ મણમાં કસ્તુરીબેન કેશવજી ધરમશીએ લાભ લીધેલ.
- વહાણને ઝૂલાવાનું અને પધરાવવાનું ૫૦૦૧ મણમાં લાભ સોનલબેન કુલીન કાંત નાગડા લાભ લીધેલ.
- દેવ વિમાનને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૦૦૧ મણ લક્ષ્મીબેન લાલજી ધરમશીએ લાભ લીધેલ.
- રત્નની રાસને ઝૂલાવાનું અને પધરાવવાનું ૧૧૧૧ મણ હિરાચંદ કરમશી પટેલએ લાભ લીધેલ.
- અગ્નિ શિખાને ઝૂલાવાનું અને પધરાવવાનું લાભ ૩૭૦૧ મણ દેવકાબાઈ શામજી લોડાયાએ લીધેલ.

કુલ ૧૪ સ્વપ્નનાં ૨૯૯૮૫ મણના ચડાવા થયા.

# ૩૯મી કર્ણાટક સ્ટેટ જુનિયર કેડેટ જ્યુડો ચેમ્પિયનશીપનું ઉદ્‌ઘાટન કીર્તિભાઈ ધરમશીના હસ્તે કરાયું







તા.૨૩ થી ૨૫ ઓગસ્ટ દરમ્યાન કોરમંગલા સ્ટેડિયમ બેંગલુર ખાતે ૩૯મી કર્ણાટક સ્ટેટ જુનિયર કેકટ જ્યુડો ચેમ્પિયનશીપ ૨૦૧૯નું આયોજન કરાયું હતું. આ અવસરે સ્પર્ધાનું શુભારંભ સમારોહ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેલ સમસ્ત ક.દ.ઓ જૈન મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધરમશીના હસ્તે કરાયું.

આ પ્રસંગે જ્યુડો એસોસિયેશન દ્વારા તેમનું ભાવ ભર્યું સત્કાર કરાયું. કીર્તિભાઈ ધરમશીના હસ્તે આ સ્પર્ધાના સહભાગી ખેલાડીઓ તથા કોચને ટૂર્નામેન્ટમાં સહભાગી થવાના સર્ટિફિકેટ વિતરીત કરાયા હતા.



# અમદાવાદ સંઘમાં વિસ સ્થાનક પૂજનનું આયોજન થયું



તા.૨૫ ઓગસ્ટ રવિવાર રોજે અમદાવાદ સંઘમાં પ.પૂ.સાધ્વીજી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિસસ્થાનક પૂજનનું ભવ્ય આયોજન થયું. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓના ઉત્સાહભેર ઉપસ્થિત આ કાર્યક્રમમાં રહી હતી. સૌએ ઉમંગભેર ધર્મ આરાધનાનો લાભ લીધો હતો.






# ગોરેગાંવ સંઘમાં ભક્તામર મહાપૂજન ભવ્યતાથી થયું





રવિવાર તા. ૨૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજે શ્રી ગોરેગાંવ અચલગચ્છ સંઘમાં પ.પૂ.સાધ્વીજી હિતગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી નિર્મીત ગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ભક્તામર સંપૂટની ભવ્યતાથી પૂર્ણાહુતિ ઉજવણી રૂપે ભક્તામર પૂજન રાખવામાં આવેલ. આ પૂજન વિધિમાં સંઘના ભાઈબહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને ધર્મ ભાવનાનો લાભ પામવાના હરખથી તરબોળ થયા હતા. ઉપસ્થિત સૌનો ઉમંગ હેતથી ઉછળતો હતો.















# વસઈ સંઘમાં સિમંધર સ્વામી આરાધના તથા નમોત્થુણં સંવેદનાનું આયોજન થયું







તા. ૧૮ ઓગસ્ટ રવિવારનો દિવસ સૌને માટે રજાનો દિવસ હતો પણ, વસઈનગર વાસીઓ એ દિવસ મજાનો બનાવ્યો હતો. આધ્યાત્મ યોગી શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવામુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આદિઠાણાની પાવનકારી નિશ્રામાં આજનો દિવસ વિમલનાથજી દેરાસરની પાવન ઘરા પર સિમંધર સ્વામીની આરાધના તથા નમોત્થુણ સંવેદનાનું ભવ્યાતીભવ્ય આયોજન કરાયું હતું. આ પુનિત અવસરનો લાભ લેવા વસઈ તેમજ આસપાસના વિસ્તારનાં ગુરૂ ભક્તો, સ્થાનિકો, પર/૪ર મહાજન આગેવાનો તેમજ પૂજન મંડળો, સામાજિક મંડળો, ભાવના મંગલો, વિદ્યાપીઠના આરાધકો બહોળી સંખ્યામાં પધારયા હતા અને ધર્મભક્તિનો અનેરો લાભ અને ધન્ય લ્હાવો લીધો હતો.


॥ શ્રી અનંતનાથ નમઃ ॥

KDO

સર્વે જ્ઞાતિજનોને શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજનના

“મિચ્છામી દુક્કડમ”

KDO JAIN GLOBAL CARD

કેડીઓ જૈન ગ્લોબલ કાર્ડ

આ કાર્ડ એટલે કેડીઓ ના જ્ઞાતિજનોનું ઓળખ પત્ર
આ કાર્ડ એટલે બધા જ જ્ઞાતિજનો વચ્ચે મિત્રતાનો સેતુ
કાર્ડ એક ફાયદા અનેક

KDO SANJIVANI

સંજીવની પેટ્રન યોજના

આપણા સમાજના આર્થિક રીતે નબળાં વર્ગના કોઈ પણ પરિવારને ગંભીર માંદગીની સ્થિતિમાં આર્થિક સહાય કરવા માટેની યોજના છે. કોઈ પણ વ્યક્તિ, કંપની કે ગ્રૂપ આ યોજનામાં જોડાઈ શકે છે.

વધુ વિગત માટે સંપર્ક :

કેડીઓ સેવા કોલ સેન્ટર . 90990 41414 ઓફિસ . 87795 39628

KDO Swaraj | સ્વાભિમાન | KDO UDAAN | KDO દિવ્યાંગ | KDO BUSINESS | Venture Katalyst

જય જ્ઞાતિ મૈયા...ચાલો સૌ સાથે કરીએ જ્ઞાતિની સેવા

# ખામગામ નગરે સિધ્ધચક્રપૂજન તથા સ્વામી વાત્સલ્ય કાર્યક્રમ યોજાયો

તા. ૨૧ ઓગસ્ટ બુધવારના રોજ ખામનગર જૈન સંઘમાં સ્વ.શ્રી અનિલભાઈ દામજી વિકમસીનો જન્મ તિથિ દિન નિમીત્તે શ્રી સિદ્ધચક્રપૂજન તથા સ્વામિવાત્સલ્યનું આયોજન પૂ. સાધ્વીજી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ ની હાજરીમાં ભવ્ય રીતે સંપન્ન થયું. વિધિ કાર રાજુભાઈ મલકાપૂર વાળા જ્યારે લાભાર્થી સ્મિતાબેન અનિલભાઈ દામજી વિકમશી પરિવાર ખામગામવાળા રહ્યાં હતા.

















# વસઈનગરમાં સીમંધર સ્વામિ પૂજન તથા ઉધાપન પારણા મહોત્સવનું આયોજન





વસઈ અચલગચ્છ જૈનસંઘમાં તા. ૨૫ ઓગસ્ટ રવિવાર રોજે આધ્યાત્મયોગી ગુરૂદેવ ઉદ્‌યરત્ન સાગરજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં સીમંધર સ્વામી પૂજન સાથો સાથ આ અગાઉ સીમંધર સ્વામી તપ આરાધના શરૂ હતી. તેના ઉપાધનના પારણા મહોત્સવનું સફળતાપૂર્ણ આયોજન કરાયું હતું. ગુરૂ ભક્તો મુંબઈ અને આસપાસ પરિસર ન ગર ક્ષેત્રમાંથી મોટી સંખ્યામાં પધારી અમોલ લાભ પામી ધન્યતા અનુભવી હતી.







# સાંધાણ નગરે અચલગચ્છ અધિષ્ઠાયિકા મહાકાલિ માતાની ભાવના

સાંધાણતીર્થ નગરે શાંતિનાથ દાદાના દરબારે પર્યુષણ પર્વની પૂર્વ સંધ્યા એ અચલગચ્છ અધિષ્ઠાયિકા મહાકાળીમાતાની ભક્તિ ભાવના ભાવ પૂર્વ પણે ભણાઈ. સૂરતાલ અને સાજ સંગીતની સાથે ઉરના ઉમંગથી સૌ મહાકાળી માતાની ભક્તિ કરી રાજીપો વ્યક્ત કર્યો હતો.








## જ્ઞાતિમૈયા માં

**આપની કોઈપણ મૅટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosm.org

**અથવા વૉટસઍપ પર મોકલો**

**9322257731**






● કચ્છ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સદ્રઢ બનાવવા અને પોલીસ મથકોની કામગીરીના વિકેન્દ્રીકરણ સહિતના હેતુસર રાજ્ય સરકારના ગૃહવિભાગ દ્વારા રાજ્યમાં ૧૬ નવા પોલીસ મથક શરૂ કરવાનો નિર્ણય લઈ તેને મંજૂરી આપી દીધી છે. જેમાં કચ્છ પોલીસ જિલ્લામાં માધાપર (ભુજ) કોડાયા (માંડવી) અને પ્રાગપર (મુંદરા) ખાતે નવા પોલીસ મથક માટે લીલીઝંડી આપવામાં આવી છે. તો પશ્ચિમ કચ્છ પોલી જિલ્લામાં નખત્રાણા પોલીસ મથકને અપગ્રેડ કરીને ઈન્સ્પેક્ટર કક્ષાનું બનાવવાનું મંજૂર થયું છે.

● જાયન્ટસ ગ્રુપ ઓફ માંડવીના ઉપક્રમે મહિલા માટેના હિમોગ્લોબિન રક્ત પરીક્ષણનો સળંગ ૧૯૫મો નિઃશુલ્ક કેમ્પ યોજાયો. જેમાં ૧૬૩ મહિલાઓએ લાભ લીધો હતો. હિમોગ્લોબિન પરીક્ષણ રીપોર્ટ બાદ ઓછપ ધરાવતી મહિલાઓને હિમોગ્લોબિન વધારવાની એક મહિનાની દવા પણ નિઃશુલ્ક આપવામાં આવી હતી.

● કચ્છ ડિસ્ટ્રીક ચેસ એન્ડ સ્પોર્ટસ એસોસિયેશન દ્વારા જિલ્લા કક્ષાની સિલેક્શન ચેસ હરિફાઈમાં અન્ડર ૧૧ બોયઝમાં પંકજ કિરણ સોલંકી (ભુજ), બીજા નંબરે ધ્રુવીન બિપિનભાઈ ગોર (ભુજ), તૃતીય નંબરે કેવિન રાજેશ ગૌરી જ્યારે અંડર ૧૧ ગર્લ્સમાં દેવાંશી સચિન ઠક્કર (ગાંધીધામ) બીજાનંબરે સિયા પરીક્ષિત ઠક્કર (ભુજ) તથા તૃતીય વંશી શાહ આવ્યા. બંન્ને કેટગરીમાંથી પ્રથમ બે-બે ખેલાડીઓ રાજ્ય કક્ષા માટે સિલેક્ટ થયા હતા.

● ઊંટોમાં ઋતુજન્ય બે રોગ ખાજી (ડરમેડાઈટીસ) અને ફીટોડો (સરા)ના નિવારણ માટે પશુપાલન વિભાગ દ્વારા રવ અને હનુમાન વાંઢમાં રસીકરણ કેમ્પ યોજાયો. જેમાં ૪૫૦ ઊંટોને રસીકરણ કરાયું હતું. આ રોગને કારણે ઘણા ઊંટોના મૃત્યુ થતા હતા. જે માટે કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન અને સહજીવન દ્વારા રસીકરણ માટે રજૂઆત થઈ હતી. આમ આ ઋતુમાં ઊંટો માટે આ રસીકરણ સંજીવની જેવું કામ આપે છે.

● મુંદરા તાલુકાના પત્રી ગામનો અને હાલે કાંદિવલીમાં રહેતો ધવલ જગદીશ આચાર્ય મલેશિયામાં મિસ્ટર ટૂરિઝમ એમ્બેસેડરનો પ્રથમ રનર્સ અપનો ખિતાબ જીતી ભારતનું નામ રોશન કર્યું છે. મલેશિયા ખાતે યોજાયેલી મિસ્ટર અને મિસ ટુરિઝમ એમ્બેસેડર યુનિવર્સ ૨૦૧૯માં ભારત તરફથી પ્રતિનિધિત્વ કરતાં કચ્છી યુવાન ધવલ ટૂરિઝમ એમ્બેસેડર ઈન્ડિયા તરીકે પસંદ કરાયો હતો. સ્પર્ધામાં કુલ ૨૬ દેશોના યુવાનોએ ભાગ લીધો હતો. તેમાં ધવલ આચાર્યએ ત્રણ ખિતાબ જીત્યા હતા. ધવલને મિસ્ટર પોપ્યુલર સોશિયલ મીડિયા અને મિસ્ટર ઈન્ટલેક્ચ્યુઅલ ટૂરિઝમ એમ્બેસેડરના એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

● બ્રહ્મક્ષત્રિય મહિલા મંડળ ભુજ દ્વારા જ્ઞાતિના ખત્રી ચકલા સ્થિત કોમ્યુનિટી હોલમાં વાનગી અને વન મિનિટ સ્પર્ધા યોજાઈ. વાનગીમાં ફાયર લેસ કુકિંગ વાનગી સ્થળ પર જ બનાવવાની હતી. નિર્ણાયક તરીકે કલ્પનાબેન ત્રિપાઠી અને જ્યોતિબેન પવાણી રહ્યાં હતા. ૨૫ જેટલી બહેનોએ અલગ અલગ વાનગી બનાવી હોંશ ભેર ભાગ લીધો હતો. વિજેતા બહેનોને ઈનામ અપાયા હતા. વન મિનિટ સ્પર્ધામાં પાંચથી દશ તથા અગ્યારથી પંદર વર્ષના બાળકો વચ્ચે સ્પર્ધા થઈ હતી.

● ભુજ લોહાણા મહિલા મંડળ દ્વારા સ્વામી પ્રદીપ્તા નંદજીનું ગુસ્સાપર નિયંત્રણ વિષય પર વકતવ્ય યોજાયું હતું. સ્વામીએ ગુસ્સો શું છે? ગુસ્સા કરવામાં તમે સ્વતંત્ર નથી. ગુસ્સો આપણને બાળે છે. અને સામાવાળાને પણ બાળે છે. ગુસ્સોએ નિત્યનો શત્રુ છે. એ શિર્ષકથી વિશેષ સમજણ આપી હતી.

# મોટી ખાવડી નગરે પાર્શ્વ પદમાવતી મહાપૂજન થયું




હાલાર પ્રદેશના મોટી ખાવડી નગરે તા. ૨૫ ઓગસ્ટ ૨૦૧૯ રવિવારના દિને અને પવિત્ર શ્રાવણ વદી દસમ તિથિ રોજે પ.પૂ. સા. મહોદયાશ્રીજી આદિઠાણાની નિશ્રામાં શ્રી પાર્શ્વ પદ્માવતી મહાપૂજનનું આયોજન ભવ્યતાથી થયું. શ્રી હર્ષદ કાંતિલાલ લોડાયાની પુણ્યસ્મૃતિ નિમિત્તે લાભાર્થી માતુશ્રી ભાવનાબેન કાંતિલાલ વેરશી લોડાયા સહપરિવાર લાભ લીધો હતો. સકલ સંઘે સહર્ષ પૂજનનો લાભ લીધેલ.










# અનંતનાથજી મહારાજ જૈન દેરાસર – મસ્જિદ બંદર

**શ્રી પાર્શ્વનાથ** | **શ્રી અનંતનાથ** | **શ્રી મહાવીર સ્વામી**

## તા.૨૭-૮-૨૦૧૯





## તા.૨૮-૮-૨૦૧૯





## તા.૨૯-૮-૨૦૧૯






**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## જીવન ઘટમાળ

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૦૮.૨૦૧૯ | ડોમ્બીવલી | વિનય કુલીન લખમશી લપસીયા | કોઠારા | ૨૮ |
| | જામનગર | રશ્મિના શરદ જેઠાભાઈ ખોના | નલિયા | ૨૪ |
| ૩૦.૦૮.૨૦૧૯ | સાંગલી | ભાવિન રાજેશ ભવાનજી મોતા | વારાપધર | ૨૭ |
| | ડોમ્બીવલી | પ્રિયંકા પરેશ લખમશી ધરમશી | કોઠારા | ૨૩ |

**● અંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૮.૨૦૧૯ | પુણે | મિતેશ તકલચંદ હીરજી દેઢિયા | કોટડી | ૩૦ |
| | ચીંચવડ | યામિની યતિશ હીરાચંદ છેડા | વારાપધર | ૨૮ |
| ૨૪.૦૮.૨૦૧૯ | ઘાટકોપર | વરૂણ વિનેશ હીરજી મોમાયા | ડુમરા | ૨૬ |
| | રાહાતા | મયુરી મુરલીધર તારાચંદ ડાભી | જોધપુર | ૨૬ |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૮-૨૦૧૯ | ગદગ | મણીબાઈ શાંતિલાલ ધરમશી | તેરા | ૮૧ |
| ૨૬-૦૮-૨૦૧૯ | ગાંધીગામ | રમેશ નારાણજી દંડ | તેરા | ૭૯ |




# SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN

Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital,
107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78. Email : gyatimaiya2018@gmail.com

# વિવિધ સંઘમાં પર્યુષણ પર્વ નિમિત્તે
# વિવિધ તપ આરાધના કરેલ તપસ્વીઓની યાદી




આપના સંઘમાં પર્યુષણ પર્વની ધર્મ-આરાધના ધામધૂમથી શરૂ થઈ ગઈ હશે. આપને ત્યાં થયેલ આરાધનાની અનુમોદના કરીએ છીએ.

**સવિશેષ જણાવવાનું કે આપના સંઘમાં તપસ્વીઓ તેમજ નાના બાળકોને પ્રોત્સાહન મળે તે માટે શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના પરિવારે એક તદ્દન નિ:શુલ્ક સેવા આપવાનું નક્કી કરેલ છે.**

૧) દસ વર્ષથી નીચેના બાળકો ત્રણ ઉપવાસ કે તેથી ઉપરની તપસ્યા કરે તે તપસ્વીઓના ફોટા
૨) નવ ઉપવાસ કે તેથી ઉપરની તપસ્યા કરી હોય તે દરેક તપસ્વીઓના ફોટા
૩) અઠ્ઠાઈ કે તેથી ઉપરની તપસ્વીઓની નામાવલીની યાદી

ઉપરની ત્રણે તદ્દન નિ:શુલ્ક સેવાઓ અમે આપના સંઘને આપવા ઈચ્છીએ છીએ, જેથી તપસ્વીઓને પ્રોત્સાહન મળશે. આ બાબતમાં આપ અમને ઉપરની બે સેવાઓ માટે ફોટાઓ તથા ત્રીજી સેવામાં યાદી મોકલી આપવા કૃપા કરશોજી.

**આ ફોટાઓ અને વિગતો જ્ઞાતિમૈયાના ઈમેલ પર મોકલવા વિનંતી.**
**gyatimaiya2018@gmail.com**

Plan the present, secure the future.

**Get a Family Insurance!**



insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO **Gyatimaiya** Weekly E-magazine KDO